UGC's Guidelines for
Coaching Scheme for SC/ST/OBC (Non- Creamy layer) & Minority Students for Universities.

**<u>ભાવાનુવાદ</u>**

નોંધઃ- 12મી પંચવર્ષીય યોજના દરમ્યાન (2012-2017) યુજીસી દ્વારા આ યોજનાની ગાઇડલાઇન આપવામાં આવી હતી. તા.18-10-2017ના રોજ યુજીસી દ્વારા પબ્લિક નોટીસ ક્રમાંક No.F.1-8/2016 (JS/F/CPP-II આપવામાં આવી તેમાં જણાવ્યું છે કે કેટલીક યોજનાઓ તા.30-09-2017 પછી તા.31-03-2019 સુધી ચાલુ છે. તેમાં આ યોજનાનો સમાવેશ થાય છે.

(1) અગાઉ યુજીસી દ્વારા Remedial coaching at UG and PG level, Coaching for entry into services and Coaching for NET એમ ત્રણ યોજનાઓ હતી. હવે આ ત્રણેય યોજનાઓને Merge કરવામાં આવી છે.

(2) આ યોજના અંતર્ગત એસસી, એસટી અને માઇનોરિટી કમ્યુનિટીના વિદ્યાર્થીઓને લાભ આપવાનો રહેશે. જો પુરતા પ્રમાણમાં આવા ઉમેદવારો ન મળે તો બીપીએલ કાર્ડ ધરાવતા જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓને પણ લાભ આપી શકાય પરંતુ બીપીએલ કાર્ડ ધરાવતા જનરલ કેટેગરીના ઉમેદવારો અને ઓબીસી કેટેગરીના ઉમેદવારોની સંખ્યા 40 ટકા કરતા વધવી જોઇએ નહિ.

(3) રીમેડિયલ કોચિંગ ક્લાસના ઉદ્દેશોઃ-

a) વિદ્યાર્થીઓની એકેડેમિક સ્કીલ અને ભાષાકીય નીપૂણતામાં વધારો કરવો
b) પાયાના વિષયમાં તેમની સમજશક્તિનું સ્તર ઉંચુ લાવવું.
c) તેમના જ્ઞાન, સ્કિલ અને વલણને સઘન કરવા અને વિદ્યાર્થીઓના નાપાસ થવાના પ્રમાણ દર અને ડ્રોપઆઉટ દરમાં ઘટાડો લાવવો.
d) વિદ્યાર્થીઓની ક્ષમતામાં વધારો થાય તે હેતુથી કરીઅર ગાઉડન્સ અને સાયકોલોજીકલ કાઉન્સેલિંગ પુરું પાડવું.

(4) Coaching for entry into services ના ઉદ્દેશો

a) ભારત સરકાર, રાજ્ય સરકાર અને ખાનગી ક્ષેત્રોમાં ગ્રુપ એ, બી અને સી કે તેની સમકક્ષ જગ્યાઓ માટે નોકરી માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવા.
b) આઇએએસ, જીપીએસસી, બેંક રિક્રુટમેન્ટની પરીક્ષા માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવા.
c) ચોક્કસ સ્પર્ધાત્મક પરીક્ષાઓની જરૂરીઆતો પર ફોકસ કરવું.

(5) Coaching for NET for SC/ST/OBC (non-creamy layer) and Minority Community યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને નેટ અને સેટ પરીક્ષા માટે તૈયાર કરવાનો છે.

(6) નાણાકીય સહાયઃ-

આ યોજના અંતર્ગત નીચે મુજબ નાણાંકીય સહાયની જોગવાઇ છે.

a) નોન-રીકરીંગ – એક વખત રૂ. 5.00 લાખ બુક્સ એન્ડ જનરલ્સ, ઓડિયો-વિઝ્યુઅલ અને ટીચીંગ- લર્નિંગ મટીરીઅલ, કમ્પ્યુટર-પ્રીન્ટર, ફોટોકોપીઅર, જનરેટર અથવા ઇન્વર્ટરનો સમાવેશ થાય છે.

b) રીકરીંગ ગ્રાન્ટ કુલ રૂ.7,00,000 પ્રતિ વર્ષ જેમાં કો-ઓર્ડિનેટરને માનદ વેતન માસિક રૂ.2000/- પ્રતિ માસ, અધ્યાપકો અને સ્કોલર્સને મહેનતાણું, પાર્ટ ટાઇમ ક્લાર્ક- માસિક રૂ.6,000/-, પાર્ટટાઇમ પટાવાળા માસિક રૂ.1,000/- અને કન્ટીન્જન્સી રૂ.50,000/-ની જોગવાઇ થઇ શકશે. અધ્યાપકોને પ્રતિ વ્યાખ્યાન રૂ. 300/-, દિવસના વધુમાં વધુ બે વ્યાખ્યાન, સ્કોલરને પ્રતિ વ્યાખ્યાન રૂ.200/- અને પ્રેક્ટિકલ માટે પ્રતિ કલાક રૂ.150/- ચુકવવાનું ધોરણ છે. બહારથી વિશેષ તજજ્ઞ બોલાવવામાં આવે તો પ્રતિ કલાક રૂ.500/- ચુકવી શકાશે.

(7) કોચીંગ માટે વિદ્યાર્થીઓના 25ની સંખ્યા સુધી જૂથ પાડીને પેપર દીઠ કોઇ ચોક્કસ અધ્યાપકની દેખરેખમાં રાખવાના રહેશે જેથી અધ્યાપકની જવાબદારી નક્કી થઇ શકે. સંસ્થાની સેવામાં ચાલુ હોય તેવા અને નિવૃત્ત થયેલા ઉત્સાહી અધ્યાપકોની સેવાઓ લઇ શકાશે. સિનીયર ફેકલ્ટી મેમ્બરને કો-ઓર્ડનેટર તરીકે નીમી શકાશે.

(8) વર્ગો અને ઇન્સ્ટ્રક્શન માટે સુચનોઃ-

I. વિદ્યાર્થીઓ પાસેથી અરજીઓ મંગાવીને પસંદગી કરવાની રહેશે. નિયમિત ઉપરાંત ડ્રોપ્ડ આઉટ વિદ્યાર્થીને પ્રવેશ આપી શકાશે.

II. કામકાજના દિવસો, રજાના દિવસો કે વેકેશનમાં વર્ગો ચલાવી શકાશે. વર્ગો શરૂ કરતા પહેલા ટાઇમ-ટેબલ જાહેર કરવાનું રહેશે.

III. ઇન્સ્ટ્રક્શનની પધ્ધતિમાં વર્ગ શિક્ષણ, ટ્યુટોરિઅલ, વર્ક એસાઇન્મેન્ટ સાથે ફેઇસ ટુ ફેઇસ વાર્તાલાપ, ઓડિયો-વિડીઓ સાધનોનો ઉપયોગ કરવાનો રહેશે. વિદ્યાર્થીઓનું અભ્યાસ જૂથ બનાવવા તથા તેઓ એકબીજાને મદદ કરે તે માટે પ્રોત્સાહિત કરવાના રહેશે. વોલન્ટરી એફર્ટસને પ્રોત્સાહન આપવાનું રહેશે.

IV. 100 ગુણના પેપર માટે ઓછામાં ઓછા 50 કલાકનું શિક્ષણ આપવાનું રહેશે. દરેક 10 કલાકના શિક્ષણબાદ મૂલ્યાંકન કરવાનું રહેશે.

V. વિદ્યાર્થીઓની નિયમિત હાજરી પૂરવાની રહેશે અને બે વખતથી વધારે ગેરહાજર રહે તેને નિયમિત આવવા જણાવવાનું રહેશે.

(9) વર્ગખંડ, ફર્નિચર, લાયબ્રેરીની સુવિધા, સ્ટડી મટીરીઅલ અને અન્ય માળખાગત સવલતો યજમાન સંસ્થાએ પૂરી પાડવાની રહેશે.

(10) આ માટે યુનિવર્સિટીએ એક સલાહકાર સમિતિનું ગઠન કરવાનું રહેશે જેમાં કુલનાયક-અધ્યક્ષ, અન્ય પાંચ પ્રોફેસર (જેમાં એસસી એસટી અને માઇનોરિટીના ઓછામાં ઓછા એક પ્રોફેસર હોવા જોઇએ) તથા કો-ઓર્ડિનેટર મેમ્બર સેક્રેટરી. મિટીંગ ઓછામાં ઓછી વર્ષમાં બે વખત મળવી જોઇએ.